RPAD

નમૂનો – ઘ (ડી)
(જુઓ નિયમ ૪ (૧) )
અરજદારને માહિતી આપવા બાબત.

જાહેર માહિતી અધિકારી,
નડીઆદ નગરપાલિકા
તરફથી
ક્રમાંક : ૧૩૫

તારીખ : ૭/૧૧/૨૦૧૬

પ્રતિ, શ્રી અલ્પેશભાઈ દિનેશચંદ્ર રાવલ
સરનામુ :– ૯,શિવગંગા સોસાયટી,સહકાર સોસાટી પાસે,
પેટલાદ રોડ,નડીઆદ.

શ્રીમાન,

માહિતી આપવા માટેની વિનંતી કરતી તા.૩૦/૦૯/૨૦૧૬ની આપની અરજી (આઈ.ડી.ક્રમાંક–૯૯,તા.૩૦/૦૯/૨૦૧૬)ના અનુસંધાને માંગેલ માહિતી નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ આ સાથે નકલ સામેલ છે.

મુદ્દાં નં.૨ આ સાથે નકલ સામેલ છે.

મુદ્દા નં.૩ આ સાથે નકલ સામેલ છે.

મુદ્દા નં.૪ આ સાથે નકલ સામેલ છે.

મુદ્દા નં.૫ કોઈ પ્રત્યુતર આવેલ નથી.

- આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો નિર્ણય મળ્યાથી તારીખથી ત્રીસ દિવસથી અંદર આપ જીલ્લા મ્યુનિસીપલ અધિકારીશ્રી, કલેકટર કચેરી કમ્પાઉન્ડ, ડભાણ રોડ, નડીઆદને અપીલ કરી શકશો.

આપનો,

જાહેર માહિતી અધિકારી....................
વિભાગ/કચેરીનું નામ : નડીઆદ નગરપાલિકા
ટેલીફોન નં.૦૨૬૮ – ૨૫૬૩૧૨૯
ઈ–મેઈલ : nadiadmunicipality@yahoo.com
વેબસાઈટ : www.nadiadmunicipality.com

આઉ. ડી. નંબર :- ૮-૮
તારીખ ૩૦/૯/૧૬

નમૂનો ક
(જુઓ નિયમ ૩(૧))
**માહિતી અધિકાર અધિનિયમ,૨૦૦૫ હેઠળ માહિતી મેળવવા માટેની અરજી**

પ્રતિ,
**જાહેર માહિતી અધિકારી**
નગર સેવા સદન,નડીઆદ

હું, માહિતીનો અધિકાર અધિનિયમ, ૨૦૦૫ હેઠળ આપની પાસેથી નીચેની માહિતી મેળવવા માંગું છું. તેની વિગતો નીચે મુજબ છે.

૧. **અરજદારનું નામ** : શ્રી અલ્પેશભાઈ દિનેશચંદ્ર રાવલ

૨. **અરજદારનું પૂરું સરનામું** : ૯ , શિવગંગા સોસાયટી, સહકાર સોસાયટી પાસે, પેટલાદ રોડ, નડીઆદ–૩૮૭૦૦૨ જિ.ખેડા

૩. **જરૂરી માહિતીની વિગતો (ટૂંકમાં)** :

(૧) મુદત પૂરી કરી ચૂકેલ હાલની મ્યુનિ.સ્કૂલ બોર્ડ(નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ),નડીઆદની ચૂંટણી કરવા સંબંધે જે–તે કચેરીઓમાંથી આપની કચેરીને આજદિન સુધીમાં મળેલ તમામ પત્રોની પ્રમાણિત ઝેરોક્ષ નકલો.

(૨) ઉપરોકત ક્રમ–૧ મુજબ મળેલ પત્રો સંદર્ભે કરવામાં આવેલ ફાઈલ નોટીંગની નકલ.

(૩) ઉપરોકત ક્રમ–૧ મુજબ મળેલ પત્રો સંદર્ભે આપની કચેરી ધ્વારા કરવામાં આવેલ કાર્યવાહી અંગેની આધારો સહિતની માહિતી.

(૪) ઉપરોકત ક્રમ–૧ મુજબ મળેલ પત્રો સંદર્ભે આપની કચેરી તરફથી કોઈ સક્ષમ અધિકારી/પદાધિકારી/સત્તાતંત્ર ને કોઈ પત્રો લખવામાં આવેલ હોય તો તે તમામની નકલો.

(૫) ઉપરોકત ક્રમ– ૪ અન્વયે લખાયેલ પત્રો સંદર્ભે આપની કચેરીને કોઈ પ્રત્યુત્તરો મળેલ હોય તો તે તમામ પ્રત્યુત્તરોની નકલો.

૪. મેં આ અરજી પર રૂ.૨૦/– ની કોર્ટ ફી સ્ટેમ્પ ચોંટાડેલ હોવાથી અલગથી ફી ભરેલ નથી.

૫. હું, આથી જાહેર કરું છું કે હું ભારતનો નાગરિક છું.

૬. હું, આથી જાહેર કરું છું કે ઉપરની વિગતો મારી જાણ અને માન્યતા અનુસાર સાચી છે.

**સ્થળ** : નડીઆદ
**તારીખ** :૩૦/૯/૨૦૧૬

**અરજદારની સહી** : (સહી)
**મોબાઈલ નંબર** : ૯૮૨૪૫૦૫૩૦૬

ઈનવર્ડ નંબર : ૬૭૭
તારીખ : ૩૦/૯/૧૬
નડીઆદ નગરપાલિકા

(હસ્તલિખિત નોંધ અને સહી)

# નમૂનો ગ

(જુઓ નિયમ ૩ (૨))

RPAD

જરૂરી માહિતી અને / અથવા દસ્તાવેજો માટેની ફી અને ચાર્જ જમા કરાવવાની અરજદારને જાણ કરવા બાબત.

જાવક નંબર : ૧૩૨ તા. ૨૭/૧૦/૧૬

પ્રતિ

શ્રી/શ્રીમતી/કુમારી : [illegible]

સરનામુ : [illegible]

શ્રીમાન,

આપની તારીખ : ૩૦/૮/૧૬ ની વિનંતી / અરજી (આઇ.ડી.ક્રમાંક ૮-૮ તારીખ ૩૦/૮/૧૬) ના સંદર્ભમાં જણાવવાનું કે આપને માંગેલી માહિતી અને દસ્તાવેજો માટે રૂ. ૧૦/- (શબ્દોમાં ફક્ત રૂપિયા દસ પૂરા) જમા કરાંવવાનું ફરમાવવામાં આવે છે. આ વિભાગ/કચેરીમાં રકમ જમા કરાવ્યા પછી જરૂરી માહિતી/દસ્તાવેજોની નકલ મેળવી લેવા વિનંતી છે.

| | |
|---|---|
| ૧. પાનાની કુલ સંખ્યા ૫ x A/3 અથવા A/4 સાઇઝના પાનાદીઠ રૂ. ૨% | રૂ. ૧૦/- |
| ૨. મોટી સાઇઝના (A/3, A/4 સાઇઝ સિવાયની) પાનાની કુલ સંખ્યા, ખરેખર ખર્ચની રકમ | રૂ. |
| ૩. ફ્લોપી/ડિસ્ક ચાર્જ ______ x નંગ દીઠ રૂ. ૫૦ | રૂ. |
| ૪. રેકર્ડની તપાસણી માટેનો ચાર્જ | રૂ. |
| ૫. નમૂના/મોડેલ માટેનો ચાર્જ | રૂ. |
| | કુલ રૂ. ૧૦/- |

૧૧૭૦૧

૧૦/- ૭/૧૧/૧૬

નકલ પહોંચી.

આપનો વિશ્વાસુ

મદદનીશ માહિતી અધિકારી

જાહેર માહિતી અધિકારી : નડીઆદ નગરપાલિકા

વિભાગ / કચેરીનું નામ : નડીઆદ નગરપાલિકા

ટેલીફોન નં. : ૦૨૬૮ - ૨૫૬૩૧૨૯

ઈ-મેઇલ : nadiadmunicipality@yzhoo.com.

વેબસાઇટ : www.nadiadmunicipality.com.

અન્વય [illegible]

જાવક નંબર ૨૫૨

તારીખ : ૨૬/૧૦/૧૬

નગરપાલિકા

R.T.I.

અગત્યનુ/ સમય મર્યાદા

૧૬૬૨૧.૨૬

જા.નં.માધ્ય.૪/પ્રા.શિ.નિ/૨૦૧૬–૧૭/
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
નડીયાદ જિ.ખેડા
તારીખ ૧૨–૦૯–૨૦૧૬

પ્રતિ,
પ્રમુખશ્રી,
નડીયાદ નગર પાલીકા,
નડીયાદ જિ.ખેડા

વિષય:–નડીયાદ નગર શિક્ષણ સમિતિની રચના બાબત..
સંદર્ભ:– પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી,પ્રાથ.શિક્ષણ નિયામકની કચેરી–ગાંધીનગરના પત્ર ક્રમાંક:પ્રા.શિ.નિ./ગ–૧/ખેડા/૧૬/૮૨૭૯તા.૦૮–૦૯–૨૦૧૬

શ્રીમાન,

જય ભારત સહ ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનુંકે પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી,પ્રાથ.શિક્ષણ નિયામકની કચેરી–ગાંધીનગરના પત્ર ક્રમાંક:પ્રા.શિ.નિ./ગ–૧/ખેડા/૧૬/૮૨૭૯ તા.૦૮–૦૯–૨૦૧૬ના સંદર્ભિત પત્ર અન્વયે જણાવેલ છે કે *ગુજરાત પ્રાથમિક શિક્ષણ અધિનિયમ–૧૯૪૭ અને ગુજરાત પ્રાથમિક શિક્ષણ નિયમો–૧૯૪૯ની જોગવાઈ અનુસાર જ્યારે પણ નવી નગર શિક્ષણ સમિતિની રચના થાય તે પછી તુરત જ નગર શિક્ષણ સમિતિની રચના કરવાની જોગવાઈ છે.આ કામગીરી નગર પાલિકાના પ્રમુખે કરવાની થાય છે. પરંતુ તેમના(પ્રમુખશ્રી) ધ્વારા આ મુજબની કાર્યવાહી થયેલ ન હોય તો આ પત્ર મળ્યેથી દિન–૨૧માં તે પ્રમાણે કાર્યવાહી કરવા આપની(જિલ્લા શિક્ષણાધિકારીશ્રી) કક્ષાએથી લેખિત માં સુચના આપવા જણાવેલ છે. તેમજ જણાવેલ છે કે અન્યથા નગર શિક્ષણ સમિતિનું અસ્તિત્વ ન રહેતા નગર શિક્ષણ સમિતિ હસ્તકની શાળાઓ જિલ્લા શિક્ષણ સમિતિમાં મર્જ કરવા નિયમોનુસાર કાર્યવાહી કરવાની ફરજ પડશે* તેમ જણાવેલ છે. પત્રની નકલ આ સાથે સામેલ છે.

આમ,ગુજરાત પ્રાથમિક શિક્ષણ અધિનિયમ–૧૯૪૭ અને ગુજરાત પ્રાથમિક શિક્ષણ નિયમો–૧૯૪૯ની જોગવાઈ અનુસાર જ્યારે પણ નવી નગર શિક્ષણ સમિતિની રચના થાય તે પછી તુરત જ નગર શિક્ષણ સમિતિની રચના કરવાની જોગવાઈ છે.જે ધ્યાને લઈ નવી નગર શિક્ષણ સમિતિની રચના અંગેની કાર્યવાહી દિન–૨૧માં કરી,તે અંગેની જાણ અત્રેની કચેરી તથા પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી કચેરી–ગાંધીનગર ખાતે કરવા વિનંતિ છે.

*બિડાણ:–* સંદર્ભ દર્શિત પ્રાથ.શિક્ષણ નિયામકની કચેરી–
ગાંધીનગરનો પત્ર તા.૦૮–૦૯–૨૦૧૬

આપનો વિશ્વાસુ,
જિલ્લા શિક્ષણાધિકારી,
ખેડા જિલ્લો,નડીયાદ

*નકલ રવાના–જાણ થવા સારુ..*
(૧) ચિફ ઓફિસરશ્રી,નગર પાલિકા –નડીયાદ જિ.ખેડા
(૨) શાસનાધિકારીશ્રી,નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ–નડીયાદ જિ.ખેડા

*સવિનય નકલ રવાના–જાણ થવા સારુ..*
પ્રતિ,
(૧) અંગત સચિવશ્રી,માન.મંત્રીશ્રી શિક્ષણ ,સચિવાલય,ગાંધીનગર
(૨) મે.પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી,પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી–ગાંધીનગર
(૩) મે.કલેકટરશ્રી, કલેકટરશ્રીની કચેરી,નડીયાદ જિ.ખેડા

E:\Seco-4\Nager siksan samiti -rachana .docx

OS

માહિતી અધિકાર અધિનિયમ
અન્વયે આપવાની નકલ

જાવક નંબર ૨૫૫૨
તારીખ: ૧૭/૧૦/૧૭

**અગત્યનું**

ક્રમાંક:પ્રા.શિ.નિ./ગ-૧/ખેડા/૧૬/૮૨૭૯
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
ડૉ.જી.મ.ભ. બ્લોક નં. ૧૨/૧,
ગુ.રા.ગાંધીનગર, તા.૮/૯/૨૦૧૬

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
ખેડા-નડિયાદ

વિષય:- નડીયાદ નગર શિક્ષણ સમિતિની રચના બાબત.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, અત્રેની કચેરીને ધ્યાન દોરવામાં આવેલ છે કે છેલ્લા ઘણા સમયથી નડીયાદ નગર શિક્ષણ સમિતિની રચના થયેલ નથી જે ઘણી ગંભીર બાબત છે. ગુજરાત પ્રાથમિક શિક્ષણ અધિનિયમ-૧૯૪૭ અને ગુજરાત પ્રાથમિક શિક્ષણ નિયમો-૧૯૪૯ની જોગવાઇ અનુસાર જ્યારે પણ નવી નગર શિક્ષણ સમિતિની રચના થાય તે પછી તુરત જ નગર શિક્ષણ સમિતિની રચના કરવાની જોગવાઇ છે. આ કામગીરી નગર પાલિકાના પ્રમુખે કરવાની થાય છે. પરંતુ તેમના દ્વારા આ મુજબની કાર્યવાહી થયેલ ન હોય તો આ પત્ર મળ્યેથી દિન-૨૧માં તે પ્રમાણે કાર્યવાહી કરવા આપની કક્ષાએથી લેખિતમાં સૂચના આપશો. અન્યથા, નગર શિક્ષણ સમિતિનું અસ્તિત્વ ન રહેતા નગર શિક્ષણ સમિતિ હસ્તકની શાળાઓ જિલ્લા શિક્ષણ સમિતિમાં મર્જ કરવા નિયમોનુસાર કાર્યવાહી કરવાની ફરજ પડશે. તે અંગે જાણ કરશો.

(એમ.આઇ.જોષી)
પ્રાથમિક શિક્ષણ નિયામક
ગુ.રા.ગાંધીનગર

નકલ રવાના જાણ સારૂ-
પ્રતિ,
અંગત સચિવશ્રી,
માન.મંત્રીશ્રી શિક્ષણ (પ્રાથમિક,માધ્યમિક,પ્રૌઢ), ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ,
વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકનું કાર્યાલય, ગુજરાત સરકાર, સ્વર્ણિમ સંકુલ-૧,
બીજો માળ, સચિવાલય, ગાંધીનગર.

માહિતી ... નીયમ
અન્વયે ... લ

# નડીઆદ નગરપાલિકા

પ્રમુખશ્રી : ૨૫૫૦૨૧૭
નગરપાલિકા કચેરી : ૨૫૫૧૩૭૬/૭૭
ફેક્સ : ૨૫૫૧૩૭૮
ઈ-મેઈલ : nadiadmunicipality@yahoo.com
વેબસાઈટ : www.nadiadmunicipality.com

પો.બો. નં.-૮
નગરપાલિકા કચેરી, સરદાર ઉદ્યાન
નડીઆદ. જી. ખેડા

જાવક નં. ન/૧૫૭૩/૨૦૧૮.૧૫ તા.૪/૧૦/૨૦૧૬

પ્રતિ,
પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
ડા.જી.મ.ભ.,બ્લોક નં.૧૨/૧,
ગુજરાતરાજ્ય,ગાંધીનગર.

વિષય :- નડીઆદ નગર શિક્ષણ સમિતિની રચના કરવા બાબત.
સંદર્ભ :-૧.આપની કચેરીના પત્ર ક્રમાંક નં.પ્રા.શિ.નિ.ન-૧ ખેડા ૧૬ ૮૨૭૯,તા.૦૮/૦૯/૨૦૧૬
૨.જિલ્લા શિક્ષણાધિકારીના પત્ર ક્રમાંક નં.માધ્ય.૮ પ્રા.શિ.નિ. ૨૦૧૬-૧૭૧૩૬૨૧.૨૬.તા.૧૨.૦૯.૨૦૧૬

જય ભારત સહ ઉપરોક્ત વિષય તથા સંદર્ભ પરત્વે જણાવવાનું કે.નડીઆદ નગર પ્રાથમિક સમિતિની રચના કરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવેલ છે. તેમજ નવી સમિતિની રચના માટે તા.૦૯.૧૧.૨૦૧૬ના રોજ બુધવારના સવારના ૧૧.૦૦ થી ૧.૦૦ કલાક સુધી ચૂંટણી રાખવામાં આવેલ છે. તેમજ આ બાબત દૈનિક સમાચાર પત્ર નયા પડકાર તથા ગુજરાત સમાચાર (ખેડા આવૃતિ)માં જાહેર ખબર આપી નિયમાનુસાર પ્રસિધ્ધીની કાર્યવાહી કરવામાં આવેલ છે.આ સાથે જાહેર ખબરની નકલ સામેલ છે. જે જાણમાં લેવા વિનંતી છે.

આપનો

(સહી)

(હિતેશભાઈ જે.પટેલ)
પ્રમુખ
નડીઆદ નગરપાલિકા

૪/૧૦/૨૦૧૬

**નકલ રવાના જાણમાં લેવા સારૂ.**
પ્રતિ,
જીલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જીલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
આર.ટી.ઓ.કચેરી કંમ્પાઉન્ડ,
નડીઆદ.

**માહિતી અધિકાર અધિનીયમ અન્વયે ... નકલ**

તા. ૨૭/૯/૨૦૧૬

આદર રજુ,

જયભારત સહ જણાવવાનું કે પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, ગાંધીનગર તથા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, ખેડા-જિલ્લો, નડીઆદ. નો નડીઆદ નગર શિક્ષણ સમિતિ ની રચના બાબતનો પત્ર આવેલ છે જે આ સાથે આમેજ છે. જે ધ્યાને લેવા વિનંતી છે

(સહી)
પ્ર. ઓ.
16/9/2016

મા. પ્રમુખશ્રીનાં વાંચન
માં મૂકી આગળ કાર્યવાહી
તથા અભિપ્રાય
(સહી)
19/9

ઇ-રજીસ્ટર ૬૩૪૫
... ૧૯/૯/૨૦૧૬

આદર રજુ,

જયભારત સહ વિનંતી કરવાની કે નડીઆદ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ની નવી રચના કરવા સંદર્ભે પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, ગાંધીનગર તથા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, ખેડા-જિલ્લો, નડીઆદ નો પત્ર આ સાથે બિડેલ છે. તેમજ બી.પી.એમ.સી. એક્ટની જોગવાઈ મુજબ સમિતિની રચના સુધી કાર્યવાહી કરવાની આપશ્રીના સ્તરેથી થાય તે ધ્યાને લેવા વિનંતી છે

(સહી)
પ્ર. ઓ.
19/9/2016.

માહિતી ... અધિનિયમ
અન્વયે ... નકલ

# જાહેર ખબર

સને ૧૯૪૭ ના બોમ્બે પ્રાયમરી એજ્યુકેશન એક્ટની તથા એ કાયદા અંગે સરકાર તરફથી ઘડાયેલા નિયમો મુજબ નડીઆદ નગરપાલિકાની ચાલુ બોર્ડની મુદત સુધીની મુદત માટે સ્કુલ બોર્ડ માટે.

(૧) અનુસુચિત જાતિઓ અને અનુસુચિત જનજાતિઓ માટેની એક જગા માટે.

(૨) જમણે મેટ્રીકયુલેશન અગર બીજા વર્ષની ટ્રેનીંગ સર્ટીફીકેટની પરીક્ષા પાસ કરી હોય અથવા તેની બરાબર અથવા તેની વધુ ઉચ્ચ કેળવણી ની લાયકાત ધરાવતા હોય તેવાઓની ત્રણ જગા માટે.

(૩) સામાન્ય સભા સદોની સાત જગા

એમ ૧૧ જગાઓ માટેની ચૂંટણી **તા.૦૯/૧૧/૨૦૧૬ ને બુધવારના રોજ ૧૧.૦૦ થી ૧.૦૦** વાગતા સુધીમા નગરપાલિકા સભાખંડમાં કરવામાં આવશે.

ચૂંટણીની મતોની ગણતરી તે જ દિવસે તે જ સ્થળે બપોરના ૨.૦૦ વાગે કરવામા આવશે. આ અગીયાર જગાના ઉમેદવારોના નોમીનેશન પેપરો **તા.૨૪/૧૦/૨૦૧૬ ને સોમવારના રોજ સવારે ૧૧.૦૦ થી ૧.૦૦** વાગતા સુધીમાં રીટનીંગ ઓફીસર, નડીઆદ નગરપાલિકાના પ્રમુખ, નગરપાલિકા કચેરી ખાતે તમની ઓફીસમાં લેશે. નોમીનેશન પેપર દરખાસ્ત અને ટેકો આપનારે જાતે હાજર થઈ આપવા પડશે.

નોમીનેશન પેપરો નગરપાલિકાના પ્રમુખ **તા.૨૬/૧૦/૨૦૧૬ ને બુધવારના સવારના ૧૧.૦૦** વાગે નગરપાલિકા કચેરીમા તમની ઓફીસમાં તપાસશે.

**નોમીનેશન પેપરો નગરપાલિકા કચેરીએથી રવિવાર અને રજાના દિવસો સિવાય કામના સમય દરમ્યાન રેકર્ડ વિભાગમાંથી નક્કી કરેલ કિંમતે મળી શકશે.**

અનુસુચિત જાતિઓ અને અનુસુચિત જનજાતિઓના ઉમેદવાર ઓછામાં ઓછા ગુજરાતી ધોરણ ૪ પાસ કરેલા અને સામાન્ય જગાઓ માટેના ઉમેદવારો પ્રાયમરી સ્કુલ સર્ટીફીકેટ ની પરીક્ષા પાસ થયેલા અથવા સરકારે નક્કી કરેલ હોય તેટલી બીજી લાયકાત ધરાવનાર હોવા જોઈએ.

આ જગાઓ માટે ઉમેદવારી કરનારાઓ નગરપાલિકા ના સભાસદો હોવા જ જોઈએ તેવું નથી.

આ ચૂંટણીમાં મત આપવાનો અધિકાર માત્ર નડીઆદ નગરપાલિકાના સભાસદોને જ છે. ચૂંટણીના દરેક કામ માટે નગરપાલિકાના સભાખંડના જે ઘડિયાળ છે એજ ઘડીયાળના વખત ખરો ગણવામા આવશે. અને બીજા ઘડીયાળના વખત ધ્યાનમા લેવામા આવશે નહીં.

**નગરપાલિકા કચેરી,**
**તા.૦૩/૧૦/૨૦૧૬**

**સહી/-**
**(હિતેષભાઈ જીવુભાઈ પટેલ)**
**પ્રમુખ**
**નડીઆદ નગરપાલિકા**

આઈ. ડી. નંબર :- ૮૮
તારીખ : ૩૦/૯/૧૬
નડીઆદ નગરપાલિકા

નમૂનો ક
(જુઓ નિયમ ૩(૧))
**માહિતી અધિકાર અધિનિયમ,૨૦૦૫ હેઠળ માહિતી મેળવવા માટેની અરજી**

પ્રતિ,
**જાહેર માહિતી અધિકારી**
નગર સેવા સદન,નડીઆદ

હું, માહિતીનો અધિકાર અધિનિયમ, ૨૦૦૫ હેઠળ આપ ની પાસેથી નીચેની માહિતી મેળવવા માંગું છું. તેની વિગતો નીચે મુજબ છે.

૧. **અરજદારનું નામ :** શ્રી અલ્પેશભાઈ દિનેશચંદ્ર રાવલ

૨. **અરજદારનું પૂરું સરનામું :** ૯ , શિવગંગા સોસાયટી, સહકાર સોસાયટી પાસે, પેટલાદ રોડ, નડીઆદ–૩૮૭ ૦૦૨ જિ.ખેડા

૩. **જરૂરી માહિતીની વિગતો (ટૂંકમાં) :**

(૧) મુદત પૂરી કરી ચૂકેલ હાલની મ્યુનિ.સ્કૂલ બોર્ડ(નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ),નડીઆદની ચૂંટણી કરવા સંબંધે જે–તે કચેરીઓમાંથી આપની કચેરીને આજદિન સુધીમાં મળેલ તમામ પત્રોની પ્રમાણિત ઝેરોક્ષ નકલો.

(૨) ઉપરોકત ક્રમ–૧ મુજબ મળેલ પત્રો સંદર્ભે કરવામાં આવેલ ફાઈલ નોટીગની નકલ.

(૩) ઉપરોકત ક્રમ–૧ મુજબ મળેલ પત્રો સંદર્ભે આપની કચેરી ધ્વારા કરવામાં આવેલ કાર્યવાહી અંગેની આધારો સહિતની માહિતી.

(૪) ઉપરોકત ક્રમ–૧ મુજબ મળેલ પત્રો સંદર્ભે આપની કચેરી તરફથી કોઈ સક્ષમ અધિકારી/પદાધિકારી/સત્તાતંત્ર ને કોઈ પત્રો લખવામાં આવેલ હોય તો તે તમામની નકલો.

(૫) ઉપરોકત ક્રમ– ૪ અન્વયે લખાયેલ પત્રો સંદર્ભે આપની કચેરીને કોઈ પ્રત્યુત્તરો મળેલ હોય તો તે તમામ પ્રત્યુત્તરોની નકલો.

૪. મેં આ અરજી પર રૂા.૨૦/– ની કોર્ટ ફી સ્ટેમ્પ ચોંટાડેલ હોવાથી અલગથી ફી ભરેલ નથી.

૫. હું, આથી જાહેર કરું છું કે હું ભારતનો નાગરિક છું.

૬. હું, આથી જાહેર કરું છું કે ઉપરની વિગતો મારી જાણ અને માન્યતા અનુસાર સાચી છે.

**સ્થળ** : નડીઆદ
**તારીખ** : ૩૦/૯/૨૦૧૬

**અરજદારની સહી :** અદરાવલ
**મોબાઈલ નંબર :** ૯૮૨૪૫ ૦૫૩૦૬

ઈનવર્ડ નંબર : ૬૭૭૭
તારીખ : ૩૦/૯/૧૬
નડીઆદ નગરપાલિકા

જા. મા. અધિ. (શિ)
to ૬૫૯
૦૧/૧૦/૧૬
૬૦૪ . ૦